# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date :** 28-03-2025 **Day: Friday** **Morning :** 6.50 **to** 6.55 **am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## લોકસભામાં ઈમિગ્રેશન અને વિદેશીઓ બીલ 2025 :

ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે લોકસભામાં , ઇમિગ્રેશન અને વિદેશીઓ બિલ , **2025** રજૂ કર્યું હતું. આ બિલનો ઉદ્દેશ્ય દેશમાં ઇમિગ્રેશન કાયદાઓને ફરીથી વ્યાખ્યાયિત કરવાનો છે.

આ બિલ , જ્યારે લાગુ થશે , ત્યારે તે વિદેશીઓ અને ઇમિગ્રેશન સંબંધિત બાબતો સાથે સંકળાયેલા ચાર હાલના કાયદાઓનું સ્થાન લેશે

આ બિલનો ઉદ્દેશ્ય કેન્દ્ર સરકારને ભારતમાં પ્રવેશતા અને ત્યાંથી જતા વ્યક્તિઓ માટે પાસપોર્ટ અથવા અન્ય મુસાફરી દસ્તાવેજોની જરૂરિયાત અને વિદેશી દેશોને લગતી બાબતોને નિયંત્રિત કરવા માટે ચોક્કસ સત્તાઓ આપવાનો છે.

બિલ પર ચર્ચા શરૂ કરતા કોંગ્રેસના સભ્ય મનીષ તિવારીએ કહ્યું કે , આ બિલ બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો સંબંધિત અનેક કલમોનું ઉલ્લંઘન કરે છે. તેમણે બિલને સંયુક્ત સમિતિને મોકલવાની માંગણી કરી હતી.

---

## આવકવેરા કચેરીઓ ૨૯-૩૦-૩૧ માર્ચે ખુલી રહેશે :

કરદાતાઓની સુવિધા માટે દેશભરમાં આવકવેરા વિભાગની કચેરીઓ **29** માર્ચથી **31** માર્ચ સુધી કાર્યરત રહેશે. ગઈકાલે જારી કરાયેલા એક આદેશમાં , સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) એ જણાવ્યું હતું કે , પડતર વિભાગીય કાર્ય પૂર્ણ કરવા માટે , દેશભરની તમામ આવકવેરા કચેરીઓ **29, 30** અને **31** માર્ચ**, 2025** ના રોજ ખુલ્લી રહેશે." સીબીડીટી દ્વારા જારી કરાયેલા એક નોટિફિકેશન અનુસાર , દેશભરમાં આવકવેરા વિભાગની ઓફિસો સપ્તાહના અંતે અને સોમવારે ઈદ-ઉલ-ફિત્ર હોવા છતાં ખુલ્લી રહેશે.

ભારતીય રિઝર્વ બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે , ચાલુ નાણાકીય વર્ષ **2024-25** માં સરકારી રસીદો અને ચૂકવણીના હિસાબને સરળ બનાવવા માટે દેશભરમાં ખાસ ક્લિયરિંગ કામગીરી હાથ ધરવા માટે જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આરબીઆઈ એ બેંકોને **31** માર્ચે ખુલ્લી રાખવાનો નિર્દેશ આપ્યો છે.

**31** માર્ચ**, 2025** એ આકારણી વર્ષ **2023-24** માટે અપડેટેડ આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ પણ છે.

---

## સહકાર ટેક્ષી :

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જાહેરાત કરી છે કે સરકાર ઉબેર અને ઓલાના મોડેલ પર આધારિત 'સહકાર' ટેક્સી શરૂ કરશે. લોકસભામાં ચર્ચા દરમિયાન બોલતા, શ્રી શાહે કહ્યું કે આ પહેલ સહકાર સે સમૃદ્ધિની સાથે સુસંગત છે. તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે આગામી મહિનાઓમાં વિશાળ સ્વરૂપે

સહકારી ટેક્સી સેવા શરૂ કરાશે. ટેક્સી સેવામાં ટુ-વ્હીલર , ટેક્સી, રિક્ષા અને ફોર-વ્હીલરનો સમાવેશ કરાશે આ સેવા સાથે સંકળાયેલા વાહનોનો નફો સીધો ડ્રાઇવરને મળશે.

---

## વિધાન સભામાં ગુજરાત સ્ટેમ્પ સુધારા ખરડો ૨૦૨૫ :

વિધાનસભામાં ગુજરાત સ્ટેમ્પ સુધારા ખરડો **2025** પસાર કરાયો છે. ગૃહમાં ખરડો રજૂ કરતાં મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું , કાયદાનું સરળીકરણ કરવા અને વહીવટમાં પારદર્શકતા વધારવા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ **1958**માં સુધારા કરાયા છે. ખરડા મુજબ , વડિલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરાતા હક્ક કમીના લેખ ઉપરની ડ્યૂટી **4.90** ટકાથી ઘટાડીને ફક્ત **200** રૂપિયાના સ્ટેમ્પ ઉપર થઈ શકશે.

જ્યારે ગીરો લેખ માટેની ડ્યૂટીમાં **80** ટકા ઘટાડો કરાતાં એક કરોડ રૂપિયા સુધીનું ધિરાણ મેળવવા **25** હજાર રૂપિયાની ડ્યૂટી ઘટાડીને વધુમાં વધુ પાંચ હજાર રૂપિયા કરવામાં આવી. તો મૉર્ગેજના લેખ પર ડ્યૂટી ભરપાઈ કરવાની બૅન્કોની જવાબદારી નક્કી કરાતાં સામાન્ય વ્યક્તિને તેનો લાભ થશે. આ ઉપરાંત ગીરોમુક્તિ લેખ તથા ભાડાપટ્ટા લેખ માટે ઘરેબેઠાં ઇ-રજિસ્ટ્રેશન કરી શકાશે, લોકોએ સબ રજિસ્ટ્રાર કચેરી સુધી નહીં જવું પડે.

---

## આરોગ્ય કર્મચારી હડતાલ :

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય કર્મચારીઓને હડતાળ સમેટી પોતાની ફરજ પર પરત ફરવા અપીલ કરી છે. ગાંધીનગરમાં આ અંગે નિવેદન આપતાં શ્રી

પટેલે કહ્યું કે , ટેક્નિકલ ગ્રેડ પે અંગે ચિંતન કર્યા વગર નિર્ણય ન લઈ શકાય. કર્મચારીઓને હડતાળ સમાપ્ત કર્યા બાદ ચર્ચા કરવા શ્રી પટેલે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------

ભારત એટ ૨૦૪૭ણી દિશામાં શિક્ષણનું રૂપાંતર :

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું , યુવા પેઢી યોગ્ય , કુશળ અને રાષ્ટ્રપ્રેમી બનશે ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિકસિત ભારત એટ **2047**ની દિશામાં શિક્ષક શિક્ષણનું રૂપાંતરણ વિષય પર યોજાયેલા રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કરતા શ્રી દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સંમેલનમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું , ભારતીય મૂળ સંસ્કૃતિને શિક્ષણ પદ્ધતિથી જોડી રાખવાનું કાર્ય નવી શિક્ષણ નીતિ દ્વારા થશે.

---------------------------------------------------------------------------

હવામાન :

રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન ગરમીમાંથી આંશિક રાહત મળવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જ્યારે **29** માર્ચ બાદ ફરી તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થવાની શક્યતા છે, તેમ હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

જીલ્લા મથક ભુજમાં ગઈકાલે મહત્તમ ઉષ્ણતાપમાન **37** ડિગ્રી સેલ્સિયસ , નલિયા ખાતે ૩૨.૪, કંડલા ખાતે ૩૬.૬ ડીગ્રી સેલ્સિયશ મહતમ ઉષ્ણતામાન નોંધાયું હતું,

**------------------------------------------------------------------------------**